# ટપક

વર્ષ : ૧ અંક ૫
જુન ૧૯૯૯

તંત્રી : સુરેખા મહેતા મુદ્રણાલય : શકિત ઓફસેટ, બહારપરા – અમરેલી.
માલિક,મુદ્રક અને પ્રકાશક : શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ૯૫, જલારામનગર – ૨, અમરેલી.
સંપાદક ટીમ : પ્રકાશ ભટ્ટી, દયા ચૌહાણ, વજુ ગોવિંદીયા


## ગરીબી

માનવ વિકાસ અહેવાલ ૧૯૯૭ મુજબ દુનિયાના ૬૫ ટકા ગરીબ લોકો આપણાં દેશમાં વસે છે.વહિવટી તંત્ર દ્વારા પણ મોજણી થાય જેમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોની યાદી બનાવાય છે.અને તેને સહાયતા કરવા માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ પણ ચાલીરહી છે.ગરીબ લોકો માટેની વ્યાખ્યા સામાન્યરીતે આવકને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે.

આપણે જયારે ગરીબી માટે વિચારતા હોઈએ તો માત્ર આવકને ધ્યાનમાં ન લેતા અન્ય બાબતો પર પણ નજર કરવી જરૂરી છે.કારણ કે તે બાબતો પર જ તેની આવકનો આધાર છે.શિક્ષણ,વસ્ત્રો ,આવાસ,આહાર, પોષણ, વપરાશી ચીજોનો અભાવ,તથા કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટેની જોગવાઈનો અભાવ વિ. બાબતોને ગરીબી માપવા માટે ધ્યાનમાં લેવી જરૂરી છે.જમીનદારો,શાહુકારોઆશ્રયદાતા,ખરીદદારોઅનેવિક્રેતાઓ પર આધારીત આ ગરીબી છે. જ્યાં સુધી ગરીબી ઓળખવા માટેનો પ્રયાસ નહી કરીએ ત્યાં સુધી તેનું નિવારણ મુશ્કેલ છે. ગરીબીના કારણોને સમજવા અને તેમનું વિશ્લેષણ કરવા માટે ઉન્નતિ વિકાસ શિક્ષણ સંસ્થાન દ્વારા તૈયારકરવામાં આવેલ સાહિત્ય ગરીબીપર કાર્ય કરતા મિત્રોને ઉપયોગી થઈ શકે પરંતુ પોતાના કાર્યવિસ્તારના લોકોની ગરીબી પર સતત અભ્યાસ કરતા રહે અને તેને માપવામાટેની યોગ્ય પધ્ધતિ અમલમાં મૂકે તે ખૂબજ જરૂરી છે.

વસ્તી વધારાને ગરીબીનું મૂખ્ય કારણ ગણવામાં આવે છે. ઉપલબ્ધ કુદરતી સંશોધનોનો ભોગવટો તથા રાષ્ટ્રિય આવકમાં થયેલ વધારાનાફળો માત્ર અમીરો જ ભોગવે છે.તે પણ એક અન્યકારણ ગણી શકાય ઉપલબ્ધ સગવડતાઓની સમાનવહેંચણી આ પ્રશ્નને હળવો બનાવી શકે સમાન વહેંચણી ની વ્યવસ્થા સુધી વંચિતોને પહોંચાડવાની અને અમીરોને સાથે લાવવાનીકામગીરી સ્વૈચ્છિક સ્તરે વ્યાપક ધોરણે ચાલી રહી છે. સરકાર અને રાજકીય બાબતો સાથે જોડાયેલ નેતાગીરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તથા લોકો આ ચળવળને ટેકો આપશે તો પરિણામો ચોકકસ મળશે.

સરકારશ્રી દ્વારા ગરીબો માટે ચાલતી યોજનાઓમાં સંકલન જરૂરી છે તેમ છતા ગરીબીને ગામડા સાથે જોડીને જે કામ ચાલે છે. તેમાં લોકોને હવે વિશ્વાસ બેસતો જાય છે. ગોકુલગ્રામ યોજનાનું વાસ્તવિક અમલીકરણ તથા ગ્રામ વિકાસ વિભાગનો ૨૦ વર્ષનો વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ એ ખૂબજ મોટી આશા ઉભી કરી છે. જે ગરીબી પર ખૂબજ અસર કરી શકે તેમ છે.

સરકારશ્રી દ્વારા નિમાયેલ સમિતિ એ આ કાર્યક્રમ માટે માર્ગદર્શિકા બનાવી છે. લોકો પોતાની જાતે યોજના બનાવે અને ચલાવે તેવી વાત પહેલી વખત લોકો પાસે આવી છે. જેથી લોકોનો વિશ્વાસ વધ્યો છે. માર્ગદર્શિકા મુજબ ગામના લોકોજ વિકાસ કાર્યો માટે સક્ષમ બને તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓની માર્ગદર્શન માટે સેવાઓ લેવાય રહી છે. ૨૦ વર્ષનો તબકકાવાર કાર્યક્રમ એના સમયપત્રક પ્રમાણે ચલાવવામાં આવશે જે પરિણામો નકકી કર્યા છે તે ચોકકસ ફળીભૂત થશે.પરંતુ કારણ ઈચ્છાશકિત,માહિતિનો અભાવ કે ટાંચા સાધનો જે હોય તે વહિવટી તંત્ર સ્વૈચ્છિક સંસ્થા કયાંક આ યોજનાના સમયપત્રક ને ખલેલ પહોંચાડશે તો શકય પરિણામો મેળવવા મુશકેલ બનશે. દેશની ૭૦ ટકા આબાદી ખેતી અને ગામડામાં હોય અને દેશનું ગામડું ગરીબ હોય ત્યારે આ પ્રકારની મહત્વાકાંક્ષી યોજના લોકોએ ઉત્સાહભેર આવકારી છે. અને તેમા તેઓ સક્રિય રીતે સામેલ થયા છે. લોકોને હવે જે વિશ્વાસ ઉભો થયો છે. તેને બરકરાર રાખવા માટેસંસ્થાઓ, સરકારશ્રીએ કાળજી લેવી પડશે નહી તો હવે લોકો ક્યારેય તંત્રને માફ કરશે નહી.તંત્ર આ દેશની ગરીબીનું નિવારણ પણ કયારેય કરી શકશે નહિ.

## સમાચારો

**વિકાસના દ્રષ્ટિકોણો વિશે અભિમુખીકરણ**

૩–૭ મે, ૧૯૯૯ દરમ્યાન વિકાસ શિક્ષણ સંસ્થાન અમદાવાદ દ્વારા ગરીબી,સહભાગીતા,જેન્ડર,ચિરંતનતા જેવા વિષયો પર યોજાયેલ તાલીમમાં સંસ્થાના કાર્યકર્તા કુ.દયા ચૌહાણ જોડાયા.

**ગ્રામસભા–સશકિતકરણ**

૨૮ મે ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રતિનિધિ શ્રી વી.સી.ગોવીદીયા એ ગ્રામ સભાઓ ખરી રીતે મળે અને અધિકાર મુજબ કામ કરે તે માટેની ચર્ચા માં ભાગ લીધો હતો.

**ખેડૂત શિબિર**

ખાંભા વોટરશેડ પ્રોજેકટના ભાડ તા.૧૧ મે ૯૯,જીકીયાળી તા.૧૪ રૂગનાથપુર તા.૧૫ પચપચીયા તા.૧૮ વાંકીયા તા. ૨૧ કોટડા તા.૨૫ ના રોજ ખેડૂત શિબિરો સંસ્થાના સાથી મિત્રો ચંદુભાઈ રૈયાણી(BRS), ડાયાભાઈ પટેલ (નિવૃતખેતિ નિરીક્ષક), વજુભાઈ ગોવિદીયા(MRS)દ્વારા યોજાઈ. શિબિર માં ખેડૂત મિત્રોને ખેતીવાડી અધિકારીશ્રીઓએ માર્ગદર્શન આપ્યુ હતું રબારીકા, સાળવા, પીપરીયા, આંબલીયાળા, વિ. ગામોએ જુન' ૯૯ દરમ્યાન ખેડૂત શિબિર યોજવામાં આવશે.

**માઈક્રોક્રેડીટ**

નાબાર્ડ દ્વારા મે ૬, ૯૯ના રોજ રાષ્ટ્રીયકૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક દ્વારા માઈક્રોક્રેડીટ યોજનાની માહિતી આપવા માટે અમદાવાદ સંમેલન યોજવામાં આવેલ જેમાં ૨૭ સંસ્થાના ૫૦ પ્રતિનિધિઓ સાથે નાબાર્ડ ચીફ જનરલ મેનેજરશ્રી આર.લાલકિશન, ગુજરાત ક્ષુધામુકિત પરિષદઅધ્યક્ષશ્રીરામ લાલ પરીખ, શ્રીએસ.એસ.રાવ વિ. ઉપસ્થિત તજ્જ્ઞોએ તેમના અનુભવો પ્રમાણે સ્વસહાય જુથોને કઈ રીતે સક્ષમ બનાવવા તે અંગે ચર્ચા કરી. સંસ્થાવતી શ્રીસુરેખા મહેતાએ ભાગ લીધો.

**સમતા સેવા ટ્રસ્ટ–વડીયા**

શ્રી દિનેશ પડાયા (બરવાળા બાવળ) વિકાસ કાર્યો સાથે જોડાયેલા છે. તેઓ દ્વારા આકાશવાણી રાજકોટ પરથી 'ઈન્દ્રધનું' કાર્યક્રમ જુન ૧૦, ૯૯ના રોજ પ્રસારિત થશે.

**જુથ મિટીંગ**

ખાંભાતાલુકાના ભાડ મુકામે એપ્રીલ ૨૯, ૯૯નારોજ મહિલા દ્વારા રચાયેલ બંનેબચત મંડળની જુથ મીટીંગ તથા મે ૧૦, ૯૯ એ કોટડા બચતમંડળ ની જુથ મીટીંગમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ તથા સુરેખાબહેનએ હાજર રહી જુથના કાર્ય સંબંધી ચર્ચામાં સામેલ થઈ માર્ગદર્શન આપ્યુ હતુ.

**મજુરીકામમાં મહિલા નેતાગીરી**

ખાંભા તાલુકાના પીપરીયા ગામના વતની લીલાબેન શિયાળ મજુરોની નેતાગીરી (ગેંગલીડર) સંભાળી રહયા છે. ખેતી કામ,ટેલિફોનની લાઈનનું કામ,ચેકડેમ,રસ્તા વિ.ના કામોમાં મજુરો રાખવા પડે છે.ખાંભા તાલુકાના મોટાભાગના કામો લીલાબેનની ગેંગ સંભાળી રહી છે. સંસ્થાના પ્રોજેકટ લીડર કુ. સુરેખા મહેતા ને લીલાબેનએ મુલાકાત દરમ્યાન જણાવ્યુ કે, હું છેલ્લા ૨૦ વર્ષથી મજુરી કામ સાથે સંકળાયેલ છું.મારા પતિની ગેંગમાં હું પ્રથમ મજુર તરીકે જોડાઈ તેમનું અવસાન થતા છેલ્લા સાત વર્ષથી ગેંગ લીડર તરીકેની જવાબદારી સંભાળુ છું. વોટરશેડ યોજના આ વિસ્તારમાં શરૂ થયા પછી મારી ટીમના મજુર સભ્યોને નિયમિત કામ મળતુ થયું છે. ગોકુળીયુ ગામ યોજના માં ૧૦–૧૨ ગામોમાં અમે જુદી જુદી કામગીરી કરી છે.શરૂમાં લોકોની ટીકાથી એક વર્ષ મનેકામમાં મુશ્કેલી નડી હતી પણ પુરા આત્મવિશ્વાસથી મે મારુ કામ શરૂ રાખ્યુ.આજે હવે મને કોઈ મુશ્કેલી નથી .મારી ટીમ ના સભ્યો મારી દેખરેખ નીચે ખુબજ સારૂ કામ કરી રહયા છે. હાલમાં પાંચ પુરૂષ અને પાંચ બહેનો કાયમી છે. વધારે જરૂર હોય ત્યારે ધુંધવાણા કે આસપાસના અન્ય ગામોમાંથી મજુર મારી સાથે કામ કરવા ખુબજ ઉત્સાહથી જોડાય છે. વચ્ચે એકાદ વર્ષ કામગીરીમાં બીજી મુશ્કેલી પણ ઉભી થઈ હતી. જેમાં કામે રાખનાર શેઠ તરફથી મજુરી રૂા.૬૦ના બદલે રૂા.૫૦ચુકવાયેલ અને મારા પર પૈસા ખાઈ જવાનો આક્ષેપ થયો,જેથી કામ અધુરૂ છોડવું પડયુ પરંતુ સાચી વાતસમજાઈ ત્યારે ઘીનાઠામમાં ઘી પડી ગયું.

**દુષ્કાળ ૧૯૮૭**

લુનકરણમાં ૧૯૮૭ માં દુષ્કાળ પડયો ત્યારે 'ઉરમુખ' સંસ્થા નાં ડાયરેકટર સંજય ઘોષ એ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ઘાંસ પહોંચાડવાની કામગીરી હાથ ધરેલ ત્યારે જિલ્લાના ગોડાઉન મા ઘાંસ આવે પછી ગામનાં ગોડાઉનમાં અને છેલ્લે દરેક ઘરમાં પહોંચે ત્યાં સુધીમાં ઘણો ખર્ચ થાય આથી તેમણે વાહનભાડામાં ખર્ચ ન કરતા તે રકમના ગરીબ લોકોને ગાડા ખરીદી આપ્યા આ લોકો જ ઘાસ તેમના ગાડા દ્વારા ગામમાં લઈ આવતા આથી ખર્ચ ઓછો થયો અને ગરીબ લોકોને પણ રોજી–રોટી મળી રહી.

આ પધ્ધતિ જો આપણા દરેકના કાર્યમાં અપનાવવામાં આવે તો પ્રોજેકટ પુરો થયા પછી પણ ગામલોકો ખરીદેલ,ટ્રેકટર કે ગાડાના ઉપયોગથી વધુ રોજગારી પેદા કરી શકે અને ગામની આવકમાં વધારો થાય પ્રોજેકટના થયેલ કામમાં ટ્રેકટર ભાડા ના

ચુકવેલ રકમનો સરવાળો કરતા જણાશે કે અત્યાર સુધી માં કેટલો ખર્ચ થયેલ છે. અને તેમાથી કેટલાક ટ્રેકટર ખરીદી શકાય. આમ, ઉપર મુજબના ઉદાહરણ નો તમામ સ્તરે અભ્યાસ જરૂરી છે. દા.ત. વહિવટી ખર્ચમાં વર્ષ દરમ્યાન ટાઈપ, ઝેરોક્ષ, કોમ્પ્યુટરને લગતા કામો નો ખર્ચ જોઈએ તો ખ્યાલ આવે કે કેટલા કોમ્પ્યુટર કેટલા ઝેરોક્ષ મશીન અને કેટલા ટાઈપ રાઈટર પ્રોજેકટમાં વસાવી શકાય.

**સ્વાશ્રયી જુથો**

વિજયનગર તાલુકાનાં પરવટ, મસોતા, દડવા, બાલેટામાં માનવ કલ્યાણ ટ્રસ્ટ ખેડબ્રહ્માના સહયોગથી સ્વાશ્રયી જુથો ઉભા થયેલ છે આ જુથે ગામમાં પાણીની અછત દુર કરવા જુદા જુદા વિસ્તારોમાં હેન્ડપંપ નખાવ્યા છે. અને લગ્નની સીઝનમાં જુથ ની બહેનો અમદાવાદથી રૂ. ૬૦માં સાડી ખરીદી ને રૂ. ૧૦૦ માં વહેંચે છે. તેમને થયેલ નફામાથી જુથના બહેનોએ અનાજ ભરવાના પીપ ખરીદેલ છે. આ જુથને કોઈ સંસ્થા—સરકાર વિ.નો ટેકો નથી છતા પણ જુથ પોતાની રીતે આગળ પ્રગતિ કરી રહ્યુ છે.

**રજત જયંતિ મહોત્સવ**

૨૯ મે,૧૯૯૯ના રોજ વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનીગ ઈન્સ્ટીટયુટ માંડવીએ ૨૫માં વર્ષમાં પ્રવેશ કર્યો તેની ઉજવણી કરવામાં આવી. શ્રીતુલસીભાઈ ગજરાના સ્વાગત તથા ડો.એમ. જી. કંજારીયાના પ્રાકથન તેમજ સ્વામી જિતાત્માનંદ અને શ્રીનાનાજી દેશમુખના વરદ હસ્તે દિપ પ્રાગટયથી આ ઉજવણી સમારોહનો પ્રારંભ થયો હતો. સ્વૈછિક સંસ્થાઓ, જાગૃત નાગરીકો એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રીનારાયણ ગુરૂ, અનંતભાઈ દવે પુષ્પદાન ગઢવી, મુકેશભાઈ ઝવેરી, સુમતિભાઈ મહેતા, શાંન્તિભાઈ સોમૈયા, મહેન્દ્રભાઈ ત્રીવેદી, રાજેન્દ્રસિંહ રાણા વિ. મહાનુ ભાવોએ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજુ કર્યા હતા.સમન્વય ગૃપ દ્વારા સંસ્થાના સ્થાપક શ્રીકાકા (કે.સી.શ્રોફ) નું અભિવાદન અને પ્રોત્સાહક દાનભેટ આપવામાં આવ્યા હતા.

બીજા સત્રમાં માણેકલાલ પટેલ લિખિત ‘ગ્રામ સૌરભ’ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યુ.શાંતિભાઈ મેકવાન, રજનીકુમાર પંડયા, મધુભાઈ માકડ, બાબુભાઈ શાહ, મધુભાઈ ભટ્ટ, સુર્યકાંતભાઈ આચાર્ય, રમેશભાઈ સંઘવી, તથા માણેકલાલ પટેલ એ ગ્રામવિકાસ અને તેને આધારીત વોટરશેડ યોજના પર પોતાના વિચારો રજુ કર્યા હતા. લાઠી તા.પં. ના પ્રમુખશ્રી ડો.અરવીંદભાઈ કોઠીયા, VRTI દામનગર,શિહોરના ટીમના સભ્યો તથા તેના કાર્યવિસ્તાર ના આગેવાન ખેડુતભાઈ બહેનો અને ઈ.એસ.સી.ના ખાંભા વિસ્તારના લોકોએ હાજરી આપી હતી.

**નિદર્શન મુલાકાત (વી.આર.ટી.આઈ.માંડવી)**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતી પાણી સંગ્રહ તથા ગ્રામવિકાસને લગતી કામગીરી સાથે સંકળાયેલા ખાંભા તાલુકાના પ્રોજેકટ વિસ્તારના લોકો માટે કચ્છનો પ્રવાસ તા.૨૮/૨૯/૩૦ દરમ્યાન યોજવામાં આવ્યો. જેમાં VRTI માંડવીના રજત જયંતિ મહોત્સવમાં સામેલગીરી VRTIના વડા શ્રીકાકા સાથે વિસ્તારના લોકોના અનુભવો પર આધારીત વાર્તાલાપ,પરસ્પર સહયોગની વાતો,મમાઈમોરા ગામની મુલાકાત,માંડવી,૭૨જિનાલય,બીલેશ્વર,ગઢશીશા,ભૂજ,અંજાર વિ. સ્થળો પર સાંસ્કૃતિક બાબતોની લોકો સાથે આપલે તથા પ્રોજેકટ વિસ્તારના જુદા જુદા ગામના લોકોના ત્રણ દિવસ સાથે રહેવાના અને પરસ્પર અનુભવો આધારીત જાણકારીનું આદાન પ્રદાન થયુ. કાર્ય વિસ્તારના ગ્રામિણ સંગઠનો માં સક્રિય ભૂમિકામાં રહેલા પ્રમુખ, મંત્રી,સ્વયંસેવક તથા જુથલીડરશ્રીઓ મળીને કુલ ૨૭ ભાઈઓ અને ૨૫ બહેનો આ પ્રવાસમાં જોડાઈ કચ્છની ધરતી અને ગ્રામવિકાસ ની આવશ્યકતા બાબતે જાણકારી મેળવી હતી. સંસ્થા પ્રમુખ ધીરૂભાઈ, ટીમના સભ્યો સુરેખાબહેન, ચંદુભાઈ સંસ્થાના સભ્યો સુરેશભાઈ,દયાબહેન, કંચનબહેન,દક્ષાબહેન, તથા જયસુખભાઈ દ્વારા વ્યવસ્થા માં સહયોગ પ્રાપ્ત થયો હતો.

**માનવ અધિકાર**

કામદારોને કામના પ્રમાણમાં વેતન, અકસ્માત સમયે પુરતુ વળતર, સ્ત્રીઓ, દલિતો, વંચિતો,માટેસહાયની ભૂમિકા વિ.બાબતો આધારીતસેમિનાર ૨૭મેના રોજ કાનુની સહાય અનેમાર્ગદર્શન કેન્દ્ર દ્વારા યોજાયો જેમાં શ્રી ધર્મેન્દ્ર મહેતા એ ભાગ લીધો હતો.

**વૈકલ્પિક પ્રાથમિક શિક્ષણ**

અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત વૈકલ્પિક પ્રાથમિક શિક્ષણ અંગેનો સેમિનાર સેટેલાઈટ પર યોજાયો.ઈએસસી દ્વારા ચાલતી રાત્રી શિક્ષણ વર્ગની કામગીરીને ધ્યાનમાં લઈ કુ. દયા ચૌહાણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

**ત્રિસ્તરીય પંચાયતોનું મૂલ્યાંકન**

અમદાવાદ જિલ્લાની પંચાયતો સક્રિય અને સક્ષમ બને તે હેતુ થી ગ્રુપસંસ્થા બાવળા દ્વારા ચુટાયેલા પ્રતિનિધિઓની મીટીંગ કરી રજુ થયેલા પ્રશ્નો અને સુચનો પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## વ્યસનમુકિત

એક દિવસ હું એક દુકાનના ઓટલા ઉપર છાપુ વાંચતો હતો એવામાં એક બાળક હાથમાં બે રૂપિયાની નોટ લઈને આવ્યો મને જોઈ જરા અચકાણો પણ મારા તરફ તેનું ધ્યાન જ નથી તેમ તે સીધો દૂકાનદારને કહેવા લાગ્યો મને ''કેન્સર''ની બે પડીકી આપજો મારા કાન ચમકયા મે અવાજની દિશામાં નજર દોડાવી એક ભોળુ બાળક આ માંગણી કરી હયો હતો. દૂકાનદાર સમજી ગયો તેમણે ગુટખાની બે પડીકી આપી પડીકી લઈ એ બાળક ચાલવા લાગ્યો ત્યાં મે અવાજ કર્યો એ મારી પાસે આવ્યો

મે કહયુ : તુ જાણે છે આ ખાવાથી કેન્સર થઈ શકે

તેણે કહયુ : હા સાહેબ એટલે તો એમ બોલ્યો

મે કહયુ : તો પછી શા માટે ખાય છે?

તેણે કહયુ : સાહેબ પણ રહી શકતો નથી ખાવી જ પડે છે લત પડી ગઈ છે.

મે કહયુ : મારી પાસે એક યુકિત છે. તારે છુટવું છે આ વ્યસનથી?

તેણે કહયુ : હા સાહેબ તો તો આપનો આભાર.

મે તેને કાનમાં આખી પ્રકિયા સમજાવી કે શરૂઆતમાં તારે લત છોડવા સાદુપાન ખાવુ પછી ધીમે ધીમે માત્ર ધાણાદાળ કે મુખવાસ ખાવો અને મન મકકમ કરી વ્યસનથી મુકત થવું લગભગ દોઢેક માસ પછી એ વિદ્યાર્થી મને એજ દુકાનના ઓટલે મળ્યો સાહેબ આજે હું તમને એક વાત કહેવા આવ્યો છું મે કહયુ બોલ શું કહેવું છે. સાહેબ મે વ્યસન છોડી દીધુ છે. અને સંકલ્પ કર્યો છે કે એક વ્યકિતને વ્યસન મુકત બનાવીશ.

—પ્રકાશ ભટ્ટી

'પાણી' ઉતારીનાખે ભલભલાના 'પાણી'
પાણી કહે પરમેશ્વરને સમજાવો આ દેહ નશ્વરને
વાતવાતમાં સૌ કહે પીધા છે મે ગામે ગામના પાણી
ઝગડામાં પણ ઘણા કહે આતો કાઠીયાવાડી પાણી
કાઠીયાવાડમાંથી સૌરાષ્ટ થયુ અને તેમાથી થયું ગુજરાત
તોય હજી સુધી ન આવ્યુ ગુજરાતમાં નર્મદાનું પાણી
પાણી પરધાન તમે હવે બતાવો જનતાને પાણી
મોંઘવારીમાં મૂંજાઈ ગઈ જનતા હવે છાંટો માથે પાણી
પાણી વાળા પરધાનની તો છાપ ખાલી રહી ગઈ
ગુજરાતની જનતા પાણી માટે હરસાલ તરસી ગઈ
બનાવ્યા એકશનપ્લાન ,પાઈપ લાઈન અધૂરી નર્મદાની
જાણે તો જનતા પણ છે આમા કોણે કરી છે કમાણી
જોવો તો ખરા રાજકારણી ફેરવે છે કર્યા માથે પાણી
પાણીની જ બધી કરામત છે આખાય વિશ્વમાં
પાણી ન મળે તો સમજો બધાની જીંદગી જોખમાણી
કહે શાણા ચેતજો કયાંક એવુ ન બની જાય કે
પાણી ઉતારી નાખે ભલભલાના પાણી......

—ધર્મેન્દ્ર મહેતા

નિઃશ્વાસની પીઠી મળી છે દેનમાં,
સૌ આશ લોકોની પડી છે ઘેનમાં!
જાગે અગર લોકો બધા આંસુ મળે,
કહો કેટલી નિંદર ફળી છે રેનમાં!
લો શ્વાસ પીઓ, સ્વપ્ન ખાઓ હોંશથી,
સૌ હોઠને આજે મળી છે જેલ કાં!
લોહી દગે આવી ગયુ છે લોકના,
ઓ શેઠિયા છે તક રળી લે તેલમાં!
આ રાષ્ટ્ર સિમાડા અને ભીતર બળે,
ને સેવકો ગજવા ભરી લે સ્હેજમાં!
ચેતો હવે લોકો બધા બોલો હવે,
આઝાદ ભારતને જલાવી મેલમાં !

'વિલાપી'

પુસ્તપ્રેષ–મુદ્રિત સામગ્રી
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ____________________

: ટપક કાર્યાલય :
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫